# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ભીતર સઘળું ખોલી બેઠાં.
આપ બધે છો બોલી બેઠાં.

જંતર ઝીણું વાગે અંદર,
ખાલીપાને તોલી બેઠાં.

અડચણ નામે આંસુ આવ્યું,
પાંપણને પણ છોલી બેઠાં.

મળ્યું નહિ જાગીને જોયું,
સપનાઓને ફોલી બેઠાં.

- રાહુલ ર. મહેતા 'રાહ'

## પાથેય

- રમેશ ઠક્કર

# ભીતરનો રાહ...

જાગીને જોઇએ તો જગત એ જગત ભાસતું નથી.જાગવાની આ બાબત જરીક અલગ છે..આપણે દુનિયામાં બધું શોધતા રહીએ છીએ..બહારની સફરનાં આયોજન કરતા રહીએ છીએ..ખરી મુસાફરી મનમાં ચાલતી રહે છે..ભીતરનો રાહ જયારે ખુલી જાય છે ત્યારે બધું આપોઆપ સામે દેખાતું હોય છે.જો આ રસ્તે આગળ વધીએ તો બધું પોતાનું લાગે છે.

જગતનો ખાલીપો આપણને સતાવે છે..માણસને એકાકીપણાનો અભિશાપ સહુને લાગેલો છે..જગતમાં જે કંઈ લય છે એ આપણા પોતાના કોલાહલમાં સમાઇ જાય છે..આપણી ભીતર એક જંતર પડેલું હોય છે..એને વગાડવાનો કસબ શીખવા જેવો છે.એ ઝીણું ઉપકરણ છે..એના તાર નાજુક છે. પરંતુ એ ઝણઝણી ત્યારે આખું અંતર ઝણઝણી ઉઠે છે.અંદરના ખાલીપાને તોલી આસાન નથી..આવી કોઇ સુરાવલીઓ જ એને સહ્ય બનાવી શકે.

અડચણોને અતિક્રમવાનું સરળ નથી..આપણે જયારે આંસુઓના સહારે જીવીએ છીએ ત્યારે આપોઆપ આપણી અંદરનો લડાયક માણસ ભીરૂ થઈ જાય છે.કવિ સરસ રીતે અભિવ્યક્ત કરે છે. અડચણને જયારે આંસુ આવે ત્યારે પાંપણો છોલાઈ જાય છે. એ ભીની હોય ત્યાં સુધી તો વાંધો નથી આવતો એ જયારે ઘવાઇ જાય ત્યારે મુસીબત થતી હોય છે..મક્કમતાથી જીવવા માટેની એ શરત છે કે આપણાં નયનમાં એક ઉજાસ પ્રગટવો જોઇએ..

જાગતાં જોવું અને સપનાઓમાં જોવું એવા બે પ્રકારના અનુભવો આપણને થતા રહે છે..સપનામાં આપણી આઝાદી હોતી નથી..મનમાં ધરબાયેલાં અરમાનોનો કાટમાળ એટલે સપનાં..વાસ્તવિક જીવનમાં સરેરાશ યુવાન પણ ના પાડી શકનાર કોઇ કોડભરી કન્યા સપનાના રાજકુમાર સાથે સહેલગાહ કરે કે એકાદી આશાભરી નજર માટે તડપતો કોઇ યુવક સ્વપ્ન સુંદરીના ખ્યાલમાં મસ્ત બની મ્હાલતો હોય એ પછી જાગીને જુએ ત્યારે અટપટા ખેલ નજર સામે દેખાતા હોય છે..જે કલ્પનામાં મળતું નથી એ ખુલ્લી આંખે પામવાનો ઉપક્રમ એટલે જ જીવન !

# ...તો મોદીને યશ મળશે

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શાંઘાઈ સહયોગ સંગઠનની શિખર પરિષદમાં ભાગ લઈને ભારત પાછા ફર્યા છે. ઉઝબેકિસ્તાનની રાજધાની સમરકંદમાં આ શિખર પરિષદ યોજાઈ હતી અને હવે પછી આવતા વર્ષે એ ભારતની રાજધાની દિલ્હી ખાતે યોજાશે. ભારત-પાકિસ્તાન આ સહયોગ સંગઠનમાં સૌથી છેલ્લે જોડાયેલા દેશો છે. શરુઆત ચીનની આર્થિક રાજધઆની શાંઘાઈથી થઈ હોઈ સંગઠનનું નામ એ શહેર સાથે જોડાયેલું છે. એશિયન રાષ્ટ્રોએ એકવીસમી સદીમાં આર્થિક હરણફાળ ભરી છે જેમાં આજની તારીખે આર્થિક વિકાસ દરની રૂએ ભારત વિશ્વનાં તમામ સમૃદ્ધ રાષ્ટ્રો કરતાં આગળ નીકળી ગયું હોવાનો દાવો કરવામાં આવે છે અને એમાં તથ્ય પણ છે. કોવિદ-૧૯ની બીમારીએ સમૃદ્ધ કહેવાતા પશ્ચિમના દેશોની કમર તોડી નાખી છે. અને મહાસત્તા તરીકે અમેરિકાને પણ ટક્કર આપી રહેલ ચીનમાં જ કોરોના વાઈરસનો પ્રાદુર્ભાવ થયા પછી મહદંશે ચીને એના પર કાબૂ મેળવી લીધો હોવા છતાં હજી ડાકલાં ધૂણ્યા કરે છે એની પ્રતીતિ આ શિખર પરિષદના ડિનરમાં ચીનના વડા સહિત પ્રતિનિધિમંડળે ડિનરમાં સામેલ નહીં થઈને કરાવી દીધી છે. ભારત માટે કોવિડ-૧૯ જાણે ભૂતકાળ બની ગયો છે. ઈધરઉધર કેસ નોંધાયા છે પણ નવા વેરિયંટની ક્ષમતા ઘણી ઓછી છે અને રસીકરણને લીધે હર્ડ ઈમ્યુનિટી આવી ગઈ છે. બોત્તેરમી વર્ષગાંઠની પૂર્વ સંધ્યાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમરકંદ ખાતે યજમાન રાષ્ટ્રના વડા ઉપરાંત રશિયા અને તુર્કીના રાષ્ટ્રપ્રમુખોને મળ્યા હતા. એમની સાથે વિવિધ ક્ષેત્રોમાં પારસ્પરિક સહયોગની સાર્થક ચર્ચા કરતી વખતે એમણે આડકતરી રીતે પાકિસ્તાનને અવગણ્યું એ સૂચક છે. મોદીએ આ પ્રદેશો માટે ૨૦૨૩ના વર્ષને આંતરરાષ્ટ્રીય મિલેટ્સ ઈયર તરીકે ઊજવવાનો આગ્રહ સેવ્યો છે. મિલેટ્સ એટલે જાડું ધાન. વિશેષ પણે બાજરી. બાજરી ઉત્તર ગુજરાતનો 'સ્ટેપલ ડાયેટ' છે - મુખ્ય ખાણું છે. ઘઉં કરતાં બાજરી વધારે સ્વાસ્થ્યપ્રદ પણ છે. ઘઉં અને ચોખાની સરખામણીમાં બાજરીમાં કાર્બોહાઈડ્રેટ્સનું પ્રમાણ ઓછું હોઈ એ ડાયાબિટીસના દર્દીઓ માટે જવ પછીનો પસંદગીનો આહાર છે. મોદીએ રશિયન પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિન સાથે પણ દોસ્તીના દાવે કહેવા જેવું ઘણું બધું કહી દીધું છે. યુક્રેન યુદ્ધ સંદર્ભે ભારતે આજપર્યંત રશિયાનો વિરોધ નથી કર્યો કારણ કે રશિયા ભારત માટે સંકટ સમયની સાંકળ બનતું રહ્યું છે. પરંતુ યુદ્ધને ભારત કયારેય સમર્થન પણ ન જ આપી શકે ભારત તો વિશ્વશાંતિનું એપીસેન્ટર છે. એથી એજંડા બહાર અંગત મિટિંગમાં મોદીએ રશિયન નેતાને મીઠઈ સલાહ તો આપી જ દીધી કે હવે નો યુગ યદ્ધનો નથી. યુક્રેન પર રશિયાના આક્રમણ વખતે અમેરિકા અને પશ્ચિમના દેશોએ યુક્રેનનું ખુલ્લુ સમર્થન કર્યું હતું. એને શસ્ત્રો પૂરાં પાડીને રશિયાનો સામનો કરવા સજ્જ કર્યું હતું. ભારતને મધ્યસ્થી કરવા માટે યુદ્ધ યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કીએ રીતસર કાકલૂદી કરી હતી છતાં મૈત્રી સંબંધે બંધાયેલા રાષ્ટ્રનો વિરોધ કરવા કરતાં યુદ્ધ અટકવું જોઈએ - એટલું કહીને ભારત અટકી ગયું હતું તે સર્વવિદિત છે. એથી ભારતની ઈમેજ પશ્ચિમના દેશો અને અમેરિકામાં ઝંખવાઈ પણ હતી. પરંતુ અવિશ્વસનીય અમરિકાના ખોળે બેસી જવા કરતાં રશિયાની પરિપક્વ મૈત્રીને મહત્ત્વ આપી ભારતે તટસ્થ રહેવાનું પસંદ કર્યું હતું. મોદીએ યુક્રેન અને રશિયા - બેઉને યુદ્ધ અટકાવવા અને સમાધાન પર આવવા અપીલ જરૂર કરી હતી. એની અસર પણ થઈ જ હતી યુક્રેનમાં ફસાયેલા હજારો ભારતીય વિદ્યાર્થીઓને સહીસલામત બહાર કાઢવામાં બેઉ દેશોનો સહયોગ સાંપડ્યો હતો. ભારતના વડાપ્રધાને આ મુદ્દો પણ પુતિન સાથે ચર્ચ્યો અને હવે ખમૈયા કરવાની શીખ પણ આપી દીધી. જો કે યુક્રેનની સેનાએ આ જ અરસામાં રશિયન સેનાએ કબજે કરેલાં ઘણાં થાણાં પર પુનઃ યુક્રેનનો ધ્વજ ફરકાવીને રશિયાને ઉશ્કેર્યું છે. ત્યારે રશિયા ચૂપ બેસી રહે એ વાતમાં માલ નથી. અલબત્ત, પુતિન પણ યુદ્ધખોર માનસને કારણે આખી દુનિયામાં વગોવાઈ ગયા છે અને એમના જ દેશમાં અપ્રિય બની રહ્યા છે. ત્યારે શાંઘાઈ સહયોગ સંગઠનની શિખર પરિષદ એમને સમાધાનની દિશામાં પગલાં ભરવા પ્રેરશે એવી અપેક્ષા અસ્થાને નથી. ભારતની ભૂમિકા આ યુદ્ધખોર મિત્રને શાંતિના અને સુલેહના માર્ગે વાળવાની છે, એની પ્રતીતિ વધાપ્રધાનની પુતિન સાથેની મુલાકાતથી થઈ જ ગઈ છે.

# ખુશી-'તુંડે તુંડે મતિ ભિન્ન'



**પમરાટ**
**મિત્તલ પટેલ**

સોનાનાં પાંજરામાં પુરાયેલા પક્ષી માટે ખુશી ની પરિભાષા સ્વતંત્રતા હોય, રોટલા માટે મજૂરી કરતાં માણસ માટે ખુશી ની વ્યાખ્યા બે ટંકનું ભોજન હોય, પોતાનાં નિવસ્ત્ર બાળકો માટે પુરુ શરીર ઢાંકી શકે તેટલા કપડાં હોય... કોઈપણ પત્ની માટે ખુશી ની પરિભાષા પોતાનાં પતિનો જીવનભરનો પ્રમાણિક અને અર્થસભર સંગાથ હોય. પતિગમે તેટલી ગિફ્ટ આપતો હોય, વખાણ કરતો હોય પણ તેનામાં સંબંધ માટે નિષ્ઠા ન હોય, નિસ્વાર્થ લાગણીનો અભાવ હોય તો પત્ની ખુશ ક્યારેય નથી રહી શકતી. ઉપરછલ્લો સંવાદ કે ઉપરછલ્લી " દાખવેલી" કે "બતાવેલી" લાગણી, ઊભડક વર્ષ ગાંઠ અને એનિવર્સરીની ઉજવણી ત્યાં સુધી જ સાર્થક નીવડે છે જ્યાં સુધી "માનવતા" અને "સંવેદનશીલતાનુ " તત્વ બંને વચ્ચે જીવંત હોય છે. એકબીજા માટે અને એકબીજાનાં ઘરના સભ્યો માટે પણ. માણસ જેવો છે તેવો વર્તી શકે, માણસનાં વિચાર વાણી અને વર્તનમાં ઐક્ય હોય ,તેને થોડાંક લાભ માટે કૃત્રિમતાના વાઘા પહેરી પોતાના "સ્વ" તત્વને હાની પહોંચાડતો ન હોય, તે નિર્દોષ નિખાલસ અને દ્વેષ કપટથી રહિત હોય તો એ સુખી થોડો ઓછો હોય તોપણ દરેક પરિસ્થિતિમાં અંતરથી ખુશ ચોક્કસ રહી શકે છે.

દરેક સુખી માણસ સુખની અનુભૂતિ કરે જ છે.... એ કહેવું મુશ્કેલ છે. સુખ હોવું અને સુખની અનુભૂતિ અંતરથી કરવી, અનુભવવી તે બંને અલગ વસ્તુ છે. લોકોની નજરમાં કોઈ વ્યક્તિ પાસે બધું જ સુખ છે કદાચ હોય પણ ખરું પણ ત્યાં માણસનો સ્વભાવ તેને નડી જાય છે. સ્વભાવમાં રહેલો 'અભાવ' તેને નડી જાય છે. સ્વભાવમાં રહેલો અસંતોષ ,સુખ ને પચાવી શકવાની તેની અક્ષમતા તને નડી જાય છે.

સાચો સુખી તે જ છે જે સુખને પચાવી શકે છે અને દુઃખમાં હિંમત હાર્યા વગર પોતાની આત્મા જોડે પ્રામાણિક રહીને ઝઝુમી શકે છે. ભલભલા ફિલોસોફરો નાનું મોટું દુઃખ જીવનમાં આવતા અસત્યનો, જૂઠાણાનો સહારો લઈ, ખોટાના પડખે ઉભા રહી જઈ, તેમાંથી બહાર આવવા શોર્ટકર્ટ્સ અપનાવી તરફડિયા મારતાં હોય છે. પણ પોતાની આત્માને નિર્લેપ રાખી, પોતાની જાત જોડે પ્રમાણિક રહી , સાચાં હોવ તો એકલાં ઊભા રહી ઝઝૂમી શકવાની હિંમત દાખવનાર જ સાચા સુખની અનુભૂતિ કરી શકે છે.

સાચી ખુશી આંતરિક છે. અને આપણે બહારની આડંબરથી ભરેલ વસ્તુઓમાં તેને શોધતાં રહીએ છીએ....

મરજીવા દરિયા ખુંદવા જાય અને જો ટોર્ચ લાઈટ સાથે ન રાખે તો મોતી ની પ્રાપ્તિ દુર્લભ છે. ભલે તમારાં રસ્તા , ધ્યેય સ્પષ્ટ હોય પણ આત્મા નું અજવાળું ન હોય,અંતર આત્માના અવાજની દીવાદાંડીને અનુસરવાની તમે હિંમત ન દાખવી શકતા હોવ, તો તમે સુખી થશો પણ સુખની અનુભૂતિ નહીં મેળવી શકો. કેટલી અઘરી સિચ્યુએશન હોય!!! રોટલી સામે પડી છે પણ તમે ખાઈ નથી શકતા કારણ કે વચ્ચે અહમની, દંભની દીવાલ છે. હિમાલયની ટોચ પર પહોંચ્યા પછી તમારામાં જીવંતતા હશે તેની સુંદરતા, તેની ભવ્યતા અનુભવવાની આંતરિક શક્તિ દ્રષ્ટિ હશે તો તમે તેને અનુભવી શકશો. બાકી સ્વેટર પહેરી, ઝંડો રોપી, થોડી સેલ્ફી લઇ નીચે ઉતરી આવશો.... ને વાહ-વાહી મેળવશો.. શું વાહવાહી મેળવવાથી તમે સુખી થઇ ગયા?? ચોક્કસથી નહીં. એ જ રીતે સફળતાની ટોચ પર પહોંચ્યા પછી તમે આંતરિક રીતે સમૃદ્ધ થયા હશો તો જ તેની ખુશી અનુભવી શકશો. અર્થપૂર્ણ સફળતા મેળવી શકશો.

તમે પોતાના સંપર્કમાં આવતાં માણસો, તે નજીકનાં સંબંધો હોય કે માત્ર સંપર્કમાં આવતાં હોય એવાં વ્યક્તિઓને શાબ્દિક, અશાબ્દિક કે વર્તનથી દુઃખી કરી તેમને છેતરી,દગો દઈ કે તેમની આત્માને દુઃખી કરી પોતે જો સફળ થયા હોવ તો એ શક્ય જ નથી કે તમે ખુશી અનુભવો. જીવન એક રીફ્લેક્શન છે. તમે જે અનુભવો છો તે તમારા કર્મોનું રીફ્લેક્શન છે. જેવું આપો છો તેવું જ રિફ્લેક્શન મેળવો છો. ખુશી વહેચવાથી વધે છે બસ એવું જ. દુઃખ વહેચવાથી ઘટે છે એ સાચું પણ પોતાનું જ દુઃખ વહેંચ્યા કરો એવું નહીં ક્યારેક કોકના દુઃખમાં પણ ભાગ પડાવો. તમે તેનું દુઃખ ભલે દુર ના કરી શકો પણ તેના દુઃખને સંવેદી શકો ,અનુભવી શકો, હાથમાં હાથ પકડી 'હું છું તારી સાથે' પૂરા મનથી કહી શકો. તેને મોરલ સપોર્ટ સતત આપી શકો તો તે તમારા કર્મોનું જમા પાસું છે. હા તેમાં પણ "મેં મારી જમા પાસાની ચેકબુક ફુલ કરવા આવું કર્યુ" તેનો હિસાબ ન રાખતા. 'મેં કર્યું' તેવો ભાવ ના રાખતાં.

જે કર્મમાં અકર્મને અને અકર્મમા કર્મને જાણે છે તે જ સાચો જ્ઞાની છે.

આ ગીતાનાં વિધાનના કેટલાં ગહન અને ઊંડા અર્થ છે. તેને જો થોડો પણ આત્મસાત કરી શકીએ તો સાચાં અર્થમાં સુખની અનુભૂતિ કરી શકાય. બાકી બ્રહ્મ સત્ય જગત મિથ્યા છે. આ જગતમાં પ્રશંસા અને પૈસા બે જ મળે છે સુખ તો જાતે કમાવવું પડે છે કર્મોથી.

ચોધાર આંસુએ રડી પડ્યું સુખ
મારી દ્વિધાને તું વિસારે ન પાડ એ ખુશી...!!!
ખુશીએ સ્થિતપ્રજ્ઞ થઈને કહ્યું...
"સસ્તુ સુખ મને ગમતું નથી.... ખુશી અનુભવવા તો તારે ભીતરથી સમૃદ્ધ થવું પડશે...."

# ચંદ્રંભદ્રની સિંહો સાથેની ત્રાડહીન મુલાકાત



**હમજ્યા મારા ભૈ !**
**ભાગ્યેશ જહા**

ચંદ્રંભદ્રના આનંદનો પાર નહોતો, કારણ માત્ર બે દિવસની પ્રતીક્ષા પછી એ એક સરકારી અધિકારીને મળી શક્યા હતા. એ હજી નક્કી નહોતા કરી શક્યા કે એમની એ મુલાકાત સફળ હતી કે આશ્ચર્યકારક કે આઘાતજનક... જો કે એમાં એમના જેટલો જ ફાળો વીએમસર અને એમની આસપાસનું 'સેનેટાઈઝડ' વાતાવરણનો પણ હતો. એમણે રાત્રે અડધીનોંધ ડાયરીમાં નોંધી અને ઉંઘી ગયા. એ નોંધ અડધી લખી શક્યા કારણ એમનામાં કન્ફ્યુજનનો ઉપરાઉપરી એટેક આવતો હતો. એમણે નક્કી કર્યું કે વધારે ને વધારે સરકારી અધિકારીઓ, કર્મચારીઓ અને પટાવાળાઓને મળવાથી એ પોતાની સમજશક્તિ અને માણસને સમજીને સહન કરવાની શક્તિમાં અપાર વધારો થશે.

સવારનો સૂરજ ચંદ્રંભદ્ર માટે આશાનું કિરણ સમો દેખાતો હતો. ચંદ્રંભદ્રને આશા હતી કે હવે બે દિવસનું વેકેશન પડે અને ત્યારબાદ નિરંજન નક્કી કરે તે રીતે કોઈ સરકારી કચેરી, અમલદાર કે એના તાબામાં કામ કરનાર અધિકારીઓ કે કર્મચારીઓને મળવાનું થાય. ચંદ્રંભદ્રને એ વાતથી બિલ્કુલ આશ્ચર્ય નહોતું થતું કે આ નગરના ઘણાબધા સરકારી બાબુઓ અથવા એમની પત્નીઓ જોઈએ એના કરતાં વધારે ધાર્મિક હતી. આમ પણ એમણે જ્યારે ફુડકોર્ટની મુલાકાત લીધી અને જે રીતે બધા આરામથી ચા-મહોત્સવો મનાવી રહ્યા હતા, વળી જે રીતે પરિણામ નહીં પણ પધ્ધતિ કે પ્રક્રિયાને મહત્ત્વ મળતું હતું ત્યારથી ચંદ્રંભદ્રને શંકા હતી કે ઘણાબધા લોકો અંધશ્રધ્ધા કે કર્મકાંડમાં શ્રધ્ધા રાખતા હશે. આજે એમ જ લટાર મારવા ચંદ્રંભદ્ર નીકળ્યા ત્યારે એમને ઈન્દ્રોડા નામના એક ભવ્ય સર્કલ પાસે બે નકલી સિંહ જોવા મળ્યા. 'ગુજરાતનું ગૌરવ- સિંહ'... એવી ભાવવાહી અવસ્થામાં ચંદ્રભદ્ર સરકી ગયા. ગિરને બદલે ગાંધીનગરના ગોંદરે આમ સિંહોની આવી ત્રાડહીન ઉપસ્થિતિથી ચંદ્રંભદ્ર રોમાંચિત થઈ ગયા. એમણે નજીક જઈને અર્જુને કુરુક્ષેત્રમાં આત્મવિશ્વાસહીન વચનો ઉચ્ચારેલા એનાથી તદ્દન વિપરીત શૌર્યવચનો ઉચાર્યા. આટલા દિવસના નિવાસ પછી એમને એ તો સમજાયું છે કે ભયહીન થવા માટે કૃત્રિમ સિંહ જ નહીં પણ કૃત્રિમ વચનો પણ આવશ્યક છે. બન્ને સિંહોએ ચંદ્રંભદ્ર સામે એ રીતે જોયું જે રીતે એમણે એમના આગમનના દિવસે નીલગાય સામે જોયેલું. નીલગાય એ ગાયના કુળની હોવા છતાં કોઈ ગૃહિણી પુણ્ય કમાવવા માટે નીલગાય માટે રોટલી અલગથી બનાવતી હોય એમ સાંભળ્યું નથી. નીલગાય સ્વભાવે ઉગ્ર, મુળ ગાયથી ઉંચી છે એવી સરકારી ભાવનાથી પીડાતી અને દોડવામાં ઝડપી હોવાથી રસ્તાઓ પર ઉભા રહીને કોઈને નડવાની જરૂર પડતી નથી. એવું કહેવાય છે કે નીલગાય ખુબ જ શક્તિશાળી છે અને જંગલમાં જ જોવા મળે છે પણ ગયા જન્મના પુણ્યને બળે એને ગાંધીનગરમાં આ જન્મે રહેવાનું મળ્યું છે. નીલગાયને ગાડીઓ સાથે વેંર છે, એ જો કુદે અને ગાડીને અડફેટમાં લે તો એનું 'બોનેટ' તોડી નાંખે એવા એના પરાક્રમની વાતો સઘળે ચાલતી હોય છે. આવી નીલગાય પહેલા દિવસે આ સિંહબ્રધર્સને મળેલી. નીલગાયનો આત્મવિશ્વાસ એટલો બધો કે એ સિંહને આંખમાં આંખ નાંખીને વાત કરી શકી. પરિણામે સિંહોને ખ્યાલ આવી ગયેલો કે આ નીલગાયને ખબર પડી ગઈ છે કે એમનામાં કુદકો લગાવી મારવાના 'પાવર્સ' નથી. એટલે સિંહબ્રધર્સની નીલગાય સાથેની મુલાકાત બિલ્કુલ વેજિટેરીયન રહી.

ચંદ્રંભદ્ર ભારે ઉત્સાહથી અને આતુરતાથી કશુંક નૈસર્ગિક પામવા માટે નીકળ્યા હતા ત્યારે એમના નસીબ પ્રતાપે આ ઓજસહીન સિંહોને મળવાની તક મળી. પોતે રઘુવંશના પુત્રહીન રાજા દિલીપે જે રીતે નંદિની ગાયને મારવા આવેલા સિંહ સાથે વાત કરેલી તે વાતનું સ્મરણ કરીને બોલ્યા,

" અહો વનરાજજી, અહીં શાને ભુલા પડ્યા ? અને ક્યા પાપના ભારના કષ્ટથી તમારી ભાષા અને પ્રાણ હણાઈ ગયા છે... "

વનના એ રાજા આ રીતે મનુષ્યની નમ્રવાણી સાંભળી ગદગદિત થઈને બોલ્યા, "વાણીની વાત ના કરો... બોલે તેને જ વાણી ગણવી એ મનુષ્યની ભુલ છે. અમે અહીં તમારી માફક જગતને જાણવાની કુમતિ ધરાવીને ઉભા છીએ.." ચંદ્રંભદ્ર શાર્દૂલની આ વાણી સાંભળીને આશ્ચર્ય અનુભવવા લાગ્યા, અને જે બોલતા નથી એમને જુદા પ્રકારની વાણી હોય છે તેવી અલૌકિક અનુભૂતિથી પીડાવા લાગ્યા.

"તમે જે એક ચારણકન્યાથી ગભરાયેલા તો આજે તમને અહીં નીલગાય જેવી અને તમને બિલકુલ અવગણીને જતી આવતી ગાડીઓ જોઈને કેવી લાગણી થાય છે... ??"

સિંહે પોતાની ન ફેરવી શકાય એવી નજરમાંથી થોડો પ્રકાશ ઓછો કરીને કહ્યું, "પહેલાં તો ઉપેક્ષા અને અવગણના એવા શબ્દોને જ કાઢી નાંખો... આવું કરશો તો જ ભલભલાની ગાડીઓ તોડી નાંખનાર નીલગાય સાથે આંખમાં આંખ પરોવીને વાત કરી શકશો... અમે તો આખા નગરને જોયું નથી, પણ આ લીલાછમ સૌંદર્યને તમે મૌન બનીને પામી શકો એ તમે ત્રાડાત્રાડ કે રાડારાડ કરીને નહીં પામી શકો એ જાણો..."

આમ ચંદ્રંભદ્ર સિંહના વચનોમાંથી આવતી સરકારી વાસથી જાગૃત બનીને આગળ વાત કરવાનું મન બનાવી બન્ને સિંહોની વચ્ચે ઉભા રહી એક શૌર્યભર્યો ફોટો પડાવ્યો...

# રેવડી અને મતદારો : કોણ જીતશે ?..!!!!



**રજળપાટ**
**અજય ઉપાધ્યાય**

૧૯૫૪થી ૧૯૬૩ વચ્ચે મદ્રાસ રાજ્યમાં, તત્કાલીન મુખ્યમંત્રી કુમારસ્વામી કામરાજે સ્કૂલના વિધાર્થીઓ માટે મફત શિક્ષણ અને મફત ભોજનની યોજના દાખલ કરી હતી જેને ભારતીય રાજકારણમાં મફતની રેવડીનો ઉદ્ભવ ગણી શકાય. દેશમાં કદાચ સૌથી વધુ વખત ચૂંટણી સમયે ' આ મફત આપીશું ' અને ' તે મફત આપીશું ' એવી કોઈ રાજ્યમાં જાહેરાત થવાની શરૂઆત થઈ હોય તો એ હતું તામિલનાડુ..!!! જ્યાં ચૂંટણી સમયે રાજકીય પાર્ટીઓ મતદારોને જીતીએ તો ટેલિવિઝન.. મિક્સર ગ્રાઈન્ડર.. ચોખા.. વોશિંગ મશીન જેવી ચીજો મફત આપીશું ' એવો પ્રચાર કરતાં હતા અને હજુ આજે પણ કરે જ છે. ૨૦૦૬ની ચૂંટણીઓમાં ડી.એમ.કે.એ મતદારોને રંગીન ટેલિવિઝનની ખાતરી આપી હતી. લાસ્ટ ઈલેક્શનમાં તો તમિલનાડુના એક નેતાએ ચંદ્રના ૧૦૦ દિવસના પ્રવાસ અને મોટું આઈસબર્ગ આપવાનો વાયદો કર્યો હતો. મજાની વાત એ છે કે આ ' મફત ની રેવડી ' વહેચાતી હોવા છતાં પણ તામિલનાડુમાં દર પાંચ વર્ષે સરકાર બદલાતી રહી છે..!!!!! સમજદાર કો ઈશારા કાફી..!!!! બહુ દૂર ના જવું હોય તો હમણાં જ થયેલી ઉત્તરપ્રદેશની ચૂંટણીઓ પર નજર નાખી લો. ચૂંટણીના વાયદામાં કોંગ્રેસે સ્કૂટર.. સ્ત્રીઓને રોકડમાં પેન્શન ને એવા કેટલાયે ' આસમાની-સુલતાની ' વાયદાઓ આપેલા. હવે જો મફતની રેવડીની મહતા હોત તો આના હિસાબે તો કોંગ્રેસને યુપી માં ૨૦૦ સીટ મળવી જોઈતી હતી.. પણ રિઝલ્ટ આપણાં બધાની સામે જ છે..!!!!

અત્યારે દેશમાં 'મફતની રેવડી ' ટ્રેન્ડમાં છે અને એનું કારણ છે ગુજરાતની ચૂંટણી અને આપ નેતા કેજરીવાલ..!!! કેજરીવાલે દિલ્હી અને હમણાં જ જીતેલા પંજાબની તર્જ પર ગુજરાતમાં પણ ફ્રી વીજળી.. ફ્રી શિક્ષણ અને ફ્રી સારવારની લ્હાણીઓ ગુજરાતની દરેક મુલાકાતો પર કરવાની શરૂ કરી દીધી છે. પંજાબ.. દિલ્હીની સાથે ગુજરાત અને ગુજરાતી પ્રજાની સરખામણી કરવી શક્ય જ નથી એ વાત તો કેજરીવાલ પણ જાણે જ છે પણ એ મુસ્તાક છે એના ' ફ્રી વાયદા ' ઓ પર..!!! ખેર ચૂંટણીને તો હજુ વાર છે અને ગુજરાતની પ્રજા આ રેવડીને કેટલી સ્વીકારે છે કે નકારે છે એ તો રિઝલ્ટ આવ્યે ખબર પડશે પણ કેજરીવાલની આ જાહેરાતોથી રાજકીય પક્ષોમાં આ 'રેવડી કલ્ચર ' પર વિવાદ અને વિરોધ શરૂ તો થઈ જ ગયો છે. વડાપ્રધાન મોદીએ તો જલદ પ્રતિક્રિયા આપતા કહ્યું પણ ખરું કે આ પ્રકારની જાહેરાતો ખતરનાક છે અને નેતાઓ લોકોને ખરીદવા માંગે છે. મોદીએ જ આની સરખામણી રેવડી સાથે કરી અને રેવડી કલ્ચર પર વિવાદો શરૂ થઈ ગયા. સામે કેજરીવાલે પણ વળતો પ્રહાર કરીને કહ્યું કે ભ્રષ્ટાચારને હટાવીને એમાંથી બચતા પૈસામાં લોકોને વીજળી જેવી ચીજો મફત આપવામાં ખોટું શું છે ? રેવડીની લડાઈ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી જ્યાં એક અરજી કરવામાં આવી અને તેમાં માગણી કરવામાં આવી કે ચૂંટણી સમયે મફત ચીજવસ્તુઓ કે સેવાઓની ઘોષણા કરનારા રાજકીય પક્ષોની માન્યતા રદ કરવામાં આવે. જો કે સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષો પર પ્રતિબંધ મૂકવાનો ઈનકાર તો કર્યો પણ સાથે સાથે એ પણ ટકોર કરી કે ચૂંટણી સમયે ફ્રી રેવડી વહેચવી યોગ્ય નથી.

ખેર હકીકત એ છે કે ભારતમાં લગભગ બધી જ પાર્ટી એક યા બીજા પ્રકારે ચૂંટણી સમયે મતદારોને અને જીત્યા પછી એ મતદારોને જાળવી રાખવા માટે મફતની રેવડીઓ જુદી જુદી સ્કીમોના નામે લાવતી જ રહે છે કે જેના નામો અલગ અલગ હોય છે બાકી મૂળ મુદ્દો તો જનતાને ફ્રી માં કશુંક આપવાનો જ હોય છે. પણ હકીકત એ છે કે કશું મફત હોતું નથી અને એનાથી પણ અગત્યનું કે કોઈને કશુંક મફત આપવાનો અર્થ એ થયો કે બીજા પર વધુ બોજો નાખવો અને એ બોજો બની શકે કે વધુ ટેક્ષ કે બીજી કોઈ રીતે નખાતો હોય છે. ડાબા ખિસ્સામાંથી કાઢીને જમણા ખિસ્સામાં નાખવા જેવુ છે આ રેવડીનું રાજકારણ..!! ખરેખર આ ' રેવડી ' એટલે શું ? અર્થની રીતે જોવા જાવ તો જનતાને પૈસા ખર્ચ્યા વગર જે કાઈ મળે એ ફ્રી ની ભેટ ગણી શકાય. મફત વીજળી કે શિક્ષણ કે સારવાર આમાં ગણી શકાય. ઘણી રેવડી કલ્યાણકારી યોજનાઓને નામે ચાલતી હોય છે જેમકે મહોલ્લા ક્લિનિક. ઉજ્વલલા યોજના , આયુષમાન ભારત કે કિશાન નિધિ. આ બધી એક રીતે તો ફ્રી બાય જ છે પણ સાથે સાથે એ પણ જાણી લો કે ભારત એક વેલ્ફેર સ્ટેટ છે કે જ્યાં અમીરો પાસેથી પૈસા વસૂલી ને સરકાર એમાં પોતાનો હિસ્સો ઉમેરીને ગરીબોના ઉત્થાન માટે કામ કરે છે.

મફતની રેવડીનો વિરોધ કરનારાઓનો એક તર્ક એ પણ છે કે એનાથી જે તે દેશ કે રાજ્યની તિજોરી પર અસર પડે છે અને આર્થિક ગરબડ થાય છે. હમણાં જ સમાચાર આવેલા કે પંજાબ સરકાર પાસે પગાર કરવાના પણ પૈસા નથી. જો કે સુપ્રીમ કોર્ટે પણ નોંધેલું કે રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીની મોસમમાં મફત રેવડીનાં વચનો અને વિતરણ એક ગંભીર મુદ્દો છે, જેનાથી અર્થવ્યવસ્થાને નુકસાન થાય છે. ન્યાયમૂર્તિએ કહ્યું કે વેરા ભરનારા દેશના નાગરિકો કહે છે કે, મફતની રેવડીમાં વચનો અપાય છે, આવી પ્રવૃત્તિ પાછળ ખર્ચાતાં નાણાનો ઉપયોગ દેશના વિકાસ માટે થવો જોઈએ. નામદાર ન્યાયમૂર્તિની વાતમાં દમ એટલા માટે છે કે ચૂંટણી જીતવા મફત મફતની બૂમો પાડતા રાજકીયપક્ષોએ મફતને પૂરું કરવા પૈસા ક્યાંથી આવશે એનો વિચાર નથી કરતાં. ' કહેને મે કયા હર્જ હે ' એમ સમજતા આ રાજકીય પક્ષો અને નેતાઓ ને બરાબર ખબર છે કે બધુ જ કન્યાની કેડે બોલે તો જનતાના ખિસ્સામાંથી જ આપવાનું છે તો ' વચનેશુ કીમ દારિદ્રતામ '..!!! કોઈ નેતાએ ખિસ્સામાંથી કશું આપ્યું હોય એવું ધ્યાનમાં હોય તો કહેજો. ખેર વાત રેવડીની છે અને આ રેવડી જ્યારે ચૂંટણી ટાઈમે અપાતી કે વહેચાતી હોય ત્યારે સ્વાભાવિક છે કે કેન્દ્રમાં મતદાર જ રહેવાનો પણ આગળ લખ્યું એમ અમુક અપવાદોને બાદ કરતાં મતદારો સાવ મૂરખ છે કે આવી લાલચોને વશ થાય છે એવું માનવું ભૂલભરેલું છે.

અને એનું કારણ છે વિવિધ માધ્યમોને લીધે પ્રજામાં આવતી જાગૃતિ , હા એ અલગ છે કે ચૂંટણી ટાઈમે આ રેવડીમાં જ્ઞાતિ – ધર્મ – સમાજ જેવા પરિબળો અમુક અંશે અસર કરતાં હોય છે પણ મોટાભાગે ભારતનો મતદાર એટલો શાણો તો છે જ કે આવી મફતની લાલચમાં બહુ આવતો નથી જ અને કોઈ રાજ્યમાં કે કોઈ ચૂંટણીમાં કોઈનો થયેલો વિજય માત્ર ને માત્ર રેવડી પર નહીં પણ બીજા પરિબળો પર પણ આધારિત હોય છે. આમ છતાં પણ કોઈપણ ચૂંટણીમાં રાજકીયપક્ષોના ઢંઢેરાઓ જોઈ લેવા , એક યા બીજા પ્રકારે ' મફત.. મફત.. મફત..' ની જાહરાતો હોય જ છે. ચૂંટાયા પહેલા કરવામાં આવતી આ જાહેરાતો ચૂંટાયા પછી કેટલી લાગુ પડાય છે તે તો બધાને ખબર છે પણ ' રેવડી ' ની કોઈ ચોક્કસ વ્યાખ્યા બાંધવી ખૂબ જ મુશ્કેલ છે. જેમ કે કોરોનાકાળમાં દેશભરના નાગરિકોને કોરોનાની રસી મફત જ મળેલી પણ એ જ મફતની રસી કોઈ પક્ષ ચૂંટણી ઢંઢેરામાં ઉમેરે તો એ થઈ ' રેવડી '..??? ભાજપની જ વાત લો તો રાજકીય વિશ્લેષકોએ પણ કબૂલ્યું છે કે ઉત્તરપ્રદેશની ગઈ ચૂંટણીમાં વિજય પાછળ કેન્દ્રની મફત કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવનાર વર્ગનો મોટો ફાળો હતો. બિલકુલ એમ જ દિલ્હીમાં બે વાર થી ચૂંટાતી આપ માટે પણ કહી શકાય. રાજકારણને બાજુ પર રાખીને વાત કરીએ તો લોકોને શિક્ષણ-આરોગ્ય જેવી પાયાની સુવિધા કોઈ ખર્ચ વગર મળવી જોઈએ પણ પછી એ ખર્ચનો ભાર ઈમાનદાર ટેક્ષપેયર કે બીજા લોકો પર આવે એ ખોટું છે. પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવાના શુભ હેતુથી વિતરીત થતી કોઈપણ મફતની રેવડીનો બોજો એ જ પ્રજા પર ના પડે કે આર્થિક સંતુલન ખોરવાઈ નહીં એ રીતે લાગુ કરાય એવું કાઈક થઈ શકે તો રેવડી થી રાજી..!!!!!